HARIVANDANA
EDUCATION TRUST

**HARIVANDANA**
**College**
(Affiliated to Saurashtra University)

**તારીખ: <u>૧૦–૦૮–૨૦૨૨, બુધવાર</u>**

**તમામ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટે**

# શ્રમયોગી કલ્યાણ બોર્ડ અંતર્ગત સ્કૉલરશિપ અરજી માટેની સૂચના

આથી **હરિવંદના કોલેજના** તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ **૨૦૨૨–૨૩ માટે શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ શ્રમિકો**ના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે **શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા** શિક્ષણ સહાય આપવામાં આવે છે. આ સહાય મેળવવા માટેનું **શ્રમયોગી કલ્યાણ બોર્ડનું નિયત નમૂનાનું ભરેલું ફોર્મ** તથા **તેની સાથે જોડવાના નીચે દર્શાવેલ તમામ જરૂરી ડોક્યુમેંટ્સની ઝેરોક્ષ તા. ૨૨–૦૮–૨૦૨૨, સોમવાર થી ૩૧–૦૮–૨૦૨૨, બુધવાર સુધીમાં** આચાર્યશ્રીના **સહી સિક્કા કરવા માટે તથા નિયત નમૂનાનું બોનફાઇડ પ્રમાણપત્ર મેળવવા માટે** કોલેજના એડમીન વિભાગમાં **સવારે ૧૦:૩૦ થી ૦૧:૦૦ સુધીમાં** આપી જવાના રહેશે. **શ્રમયોગી કલ્યાણ બોર્ડનું નિયત નમૂનાનું ભરેલું ફોર્મ તથા નિયત નમૂનાનું બોનફાઇડ પ્રમાણપત્ર આપને સત્વરે સહી સિક્કા સાથે પરત કરવામાં આવશે.**

**ખાસ નોંધ:** શ્રમયોગી કલ્યાણ બોર્ડ તરફથી શિક્ષણ સહાય મેળવવા માટે **અરજી ફોર્મ તથા નીચે દર્શાવેલ તમામ ડોક્યુમેંટ્સની ઝેરોક્ષ** વિદ્યાર્થીએ **કોલેજમાં ફરજિયાત જમા કરાવવાની રહેશે**. અરજી ફોર્મ કે ઝેરોક્ષ જમા કરાવ્યા વિના કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને ઉપરક્ત ફોર્મ કે બોનફાઇડ આપવામાં આવશે નહીં. જેની સૌ ખાસ નોંધ લેશો.

## <u>શ્રમયોગી કલ્યાણ બોર્ડ અંતર્ગત સ્કૉલરશિપ અરજી માટેના સ્વપ્રમાણિત ડોક્યુમેંટ્સ ની યાદી</u>

૧. નિયત નમૂનાનું અરજી માટેનું તમામ જરૂરી વિગતો ભરેલું ફોર્મ તથા તેની ઝેરોક્ષ
૨. શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ શ્રમિકના નોંધણી કાર્ડની ઝેરોક્ષ
૩. શ્રમયોગી કલ્યાણ બોર્ડ તરફથી આપવામાં ઓળખપત્રની ભાગ–૧ તથા ભાગ–૨ ની ઝેરોક્ષ
૪. છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ (ધોરણ–૧૨ અથવા છેલ્લા ૦૨ સેમેસ્ટર્ની ઝેરોક્ષ)
૫. વિદ્યાર્થી તથા પિતાના/વાલીના આધાર કાર્ડની ઝેરોક્ષ
૬. રેશન કાર્ડની ઝેરોક્ષ (પ્રથમ પાનું તથા સભ્યોની વિગત દર્શાવતું પાનું)
૭. ચાલુ શૈક્ષણિક વર્ષની ભરેલ ફી રીસિપ્ટની ઝેરોક્ષ
૮. લભાર્થીના બેંક ખાતાની પાસબૂકની ઝેરોક્ષ
૯. પિતા/ વાલીના આવકના ડાંખળાની ઝેરોક્ષ
૧૦. શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ નિયત નમૂના મુજબના લભાર્થીના સોગંદનામાની ઝેરોક્ષ
૧૨. વિદ્યાર્થીના કોલેજના આઈ–કાર્ડની ઝેરોક્ષ
૧૩. કોલેજ તરફથી આપેલ બાંહેધરી પત્રક (વાલી તથા વિદ્યાર્થીની સહી સાથે)

**પ્રિન્સિપાલ, હરિવંદના કોલેજ**